R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 45 DATE: 10-11-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

## ભારતના પાસપોર્ટ પર હવે ૬૬ દેશોમાં વગર વિઝાએ પ્રવાસ થઇ શકશે :પાસપોર્ટ રેન્કીંગ ગત વર્ષની તુલનામાં ૯ પોઇન્ટ સુધર્યું

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સના હાલના રેન્કીંગમાં ભારતીય પાસપોર્ટને દુનિયામાં ૬૬મું સ્થાન મળ્યું છે.રેન્કીંગ પાસપોર્ટના વિઝા મુક્ત સ્કોર પર આધારિત રહ્યુ હતું.પોતાના પાસપોર્ટધારકોને ૬૬ દેશોમાં વગર વિઝાએ પ્રવાસ કરવા માટે ભારતીય પાસપોર્ટનું રેન્કીંગ ગત વર્ષની તુલનામાં ૯ પોઈન્ટ સુધર્યુ છે.આ હાલમાં જ જારી કરાયેલા વાર્ષિક પાસપોર્ટ ઈન્ડેક્સમાં અપાયેલી વિગતો અનુસાર સિંગાપોર, અને જર્મનીના પાસપોર્ટ દ્વારા ૧૬૫ દેશોમાં પ્રવાસ વગર વિઝાએ થઈ શકે છે.આમ, આ દેશોના પાસપોર્ટ સૌથી શક્તિશાળી પાસપોર્ટ બન્યા છે.અને આ યાદીમાં ટોચના સ્થાને રહ્યા છે.

ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેકસની આ યાદીમાં અંતિમ સ્થાન અફઘાનિસ્તાનનું રહ્યું છે. જે ૨૨ પોઈન્ટ સાથે ૯૧માં ક્રમે છે.તેના પછી પાકિસ્તાન અને ઈરાકની વાત કરીએ તો તે ૨૬ પોઈન્ટ સાથે ૯૦માં સ્થાન પર સ્થિત છે.જ્યારે સીરીયા ૨૯ પોઈન્ટ સાથે ૮૮માં સ્થાન પર છે. અને સોમાલિયા ૩૪ પોઈન્ટ સાથે ૮૭માં સ્થાન પર છે.

આ પરિણામો સીટીઝનશીપ પ્લાનિંગ ફર્મ હેનલે એન્ડ પાર્ટનર્સના વાર્ષિક પાસપોર્ટ ઈન્ડેક્સનો હિસ્સો છે.આ ઈન્ડેક્સ એ દેશોની સંખ્યાના આધારે ક્રમબધ્ધ કરવામાં આવે છે જ્યો પાસપોર્ટ ધારકો વિઝા વિના જ જઈ શકે છે.અને જે તે દેશમાં વિઝા ઓન અરાઈવલની સુવિધા મેળવી શકે છે કે પછી ઈલેક્ટ્રોનીક યાત્રા અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

પાસપોર્ટ ઈન્ડેક્સ હવે દુનિયાના પાસપોર્ટ પ્રદર્શિત કરવા,ક્રમબધ્ધ કરવા અને શ્રેણીબધ્ધ કરવા માટે સૌથી લોકપ્રિય ઓનલાઈન સાધન બની ગયું છે.આ ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ સીમા પાર જતાં રાષ્ટ્રીય પાસપોર્ટને શ્રેણીબધ્ધ કરે છે.અને વિઝામુક્ત સ્કોર આપે છે.જ્યાં પાસપોર્ટ ધારકને વિઝામુક્ત કે વિઝા ઓન એરાઈવલની સુવિધા સાથે જઈ શકે છે.પાસપોર્ટ ધરાવતા ભારતીયોને જે દેશોમાં વગર વિઝાએ જવાની સુવિધા પ્રાપ્ત છે તેમાં મુખ્યત્વે ભુટાન,ફિજી,કિનિયા,કમ્બોડીયા,ઝિમ્બાવે, માલદિવ, ઈન્ડોનેશીયા, જોર્ડન,ઈથોપીયા,જ્યોર્જીયા, ગુયાના, મોરેશીયશ, રવાન્ડા, નેપાળા, પલાઉ, મ્યાનમાર, સોમાલીયા, થાઈલેન્ડ, ઝામ્બીયા,સેન્ટ લુસીયા વગેરે દેશો છે. જ્યાં ભારતીય પાસપોર્ટ ધરાવતા ભારતીય નાગરિકોને વિઝા ઓન એરાઈવલની સુવિધા પ્રાપ્ત કરીને ત્યાં ફરી શકે છે.

## રાફેલ કૌભાંડમાંથી લોકોને ભટકાવવા માટે સરકારે બોફોર્સકાંડને ફરીથી ખોલવાનો કરેલો પ્રયત્ન સુપ્રીમ કોર્ટે નકારી કાઢ્યો

સુપ્રીમ કોર્ટે બોફોર્સ કેસ ફરીથી ખોલવાની સીબીઆઈની અપીલ નકારી કાઢી છે.રાજકીય રીતે અતિ સંવેદનશીલ આ રુ.૬૪ કરોડના લાંચકાંડને બંધ કરી દેવાના ૨૦૦૫ના હાઈકોર્ટના આદેશ સામે સીબીઆઈએ ફરીથી અરજી ફાઈલ કરી હતી.પરંતુ તેને નકારી દેતાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે તપાસ સંસ્થાએ અરજી કરવામાં ૧૨ વર્ષ સુધીનો સમય કેમ લીધો તે અંગે આપેલા કારણો ગળે ઉતરે તેમ નથી.

ઉલ્લેખનીય છે કે સામાન્ય સંજોગોમાં ચુકાદાના માત્ર ૯૦ દિવસની અંદર આવી અપીલ કરી શકાય છે.સુપ્રીમના આદેશ બાદ હવે કોગ્રેસના શાસનમાં અતિ ચર્ચાસ્પદ થયેલા બોફોર્સકાંડ પર પડદો પડી ગયો છે તેમ મનાય છે.આમ સુપ્રીમનું આ પગલું નરેન્દ્ર મોદી સરકાર અને સીબીઆઈ માટે એક મોટી પીછેહઠ સમાન છે.આ વર્ષના પ્રારંભમાં આ કેસમાં કામ ચલાવતી સંસ્થા સીબીઆઈએ નવા પુરાવા હાથ લાગ્યાનો દાવો કરીને જુના આદેશને પડકાર્યો હતો.સીબીઆઈએ ત્યારે કહ્યુ હતું કે બોફોર્સ ગન કેસમાં ૨૦૦૫માં દિલ્હી હાઈકોર્ટે આપેલા ચુકાદા સામે સુપ્રીમમાં જવાની તે વખતની સરકારે ના પાડી હતી.બેન્ચે કહ્યુ હતું કે આ અપીલ કરવામાં ૪૫૨૨ દિવસના બિનજરુરી વિલંબનો ખુલાસો કરવામાં પીટીશનરે જે દલીલો કરી છે તેનાથી અમે સંમત નથી.અમે નોધ્યું છે કે ફરિયાદી(અજય અગ્રવાલ) દ્વારા કરેલી ક્રિમિનલ અપીલમાં સીબીઆઈ એક પાર્ટી છે અને તેની સુનાવણી વેળાએ તે તમામ અરજીઓ ધ્યાનમાં લેવાને પાત્ર હશે.

૨૦૦૫માં દિલ્હી હાઈકોર્ટે આપેલા ચુકાદામાં ત્રણ હિન્દુજા બંધુઓ, શ્રીચંદ,ગોપીચંદ, અને પ્રકાશચંદ એ બોફોર્સ કંપની સામેના તમામ આરોપો રદ કરી દેવાયા હતા.સીબીઆઈએ જે રીતે કેસ ચલાવ્યા હતા તે મામલે તેમનો ઉઘડો પણ લેવાયો હતો.કોર્ટે કહ્યુ હતું કે આનાથી સરકારની તિજોરી પર આશરે રુ.૨૫૦ કરોડનો ફટકો પડ્યો હતો. એક અન્ય જજે આ કેસમાં સ્વર્ગીય વડાપ્રધાન રાજીવ ગાંધીના નામને ક્લીન ચિટ આપ્યાના એક વર્ષ પછી આ આદેશ જારી કરાયો હતો.વારંવાર સરકાર દ્વારા કોઈને હાથા બનાવીને સીબીઆઈને કેસની અંદર જોતરીને ગાંધી પરિવારને સંડોવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે બતાવે છે કે રાજકીય વેર લેવાની રીત રસમ અપનાવાઈ રહી છે.રાજકારણમાં વિરોધીઓને પરાસ્ત કરવાની આ એક ચાલ છે જેનો કોર્ટોએ સખ્ત વિરોધ કરવો જરુરી છે.

## રામમંદિરના મુદ્દાને અભરાઇએ ચડાવી ચુકેલી સરકારને ઉથલાવી દેવાની સંઘને શીખ આપતા શિવસેનાના ઉદ્ધવ ઠાકરે



લોકસભાની ચુંટણીઓ દરમિયાના રામમંદિર બાંધવાની જોરશોરથી રજુઆત કરીને મતો અંકે કરી સત્તા મેળવી ગયેલી ભાજપા સરકારે છેલ્લા ચાર વર્ષમાં મંદિરનો મુદ્દો અભરાઈએ ચઢાવી દીધો હતો હવે ચુંટણી આવી ત્યારે આ બધાને મંદિર યાદ આવ્યું છે. ચુંટણી આવતાં રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘને રામ મંદિર માટે આંદોલનની જરુર જણાય છે જો એમ જ હોય તો તેમણે સરકારને ઉથલાવી દેવી જોઈએ.એવો સવાલ શિવસેનાના વડા ઉધ્ધવ ઠાકરેએ કર્યો હતો.

શિવસેના ભવનમાં વિધાનસભ્યો, પ્રવક્તાઓ,જિલ્લા પદાધિકારીઓની બેઠક મળી હતી.બેઠકમાં માર્ગદર્શન આપ્યા પછી ઉદવ ઠાકરે પત્રકાર પરિષદ ભરી હતી. દુકાળગ્રસ્તો માટે શિવસેના જોઈએ તે મદદ કરવા તૈયાર હોવાનું તેમણે કહ્યુ હતું.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની મહેનતને કારણે કેન્દ્રમાં મોદી સરકાર સત્તામાં આવી હોવાનું કહ્યુ, પણ સત્તામાં આવ્યા પછી સંઘ માટે મહત્વનુ રામમંદિર, કલમ ૩૭૦, કોમન સિવિલ લો જેવા મુદ્દાઓ બાજુ પર રહી ગયા. જો કે હવે રામમંદિરનો મુદ્દો શિવસેનાએ ઉઠાવતાં દોડાદોડ થઈ ગઈ છે.રામમંદિંર માટે સંઘને હજુ આંદોલન કરવાની જરુર જણાય છે.બહુમતી ધરાવતા પક્ષની સરકાર સત્તામાં હોય અને આંદોલનની જરુર પડે તો તમે સરકારને ઉથલાવી કેમ કાઢતા નથી ? તેઓ અણિયાણો સવાલ તેમણે કર્યો હતો.

જો હવે સત્તામાં આવ્યા પછી જે કામ કરવાનું હતું તે થયું નથી.અને હવે દોષનુ ઠીકરુ ન્યાયતંત્ર પર ફોડવાની વાત ચાલે છે.સરકાર વટહુકમ બહાર પાડે એવું અલ્ટીમેટમ સંઘે આપ્યું છે. આમ સંઘ પોતાની આબરુ બચાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે.કોર્ટ અને સરકાર બ ેઉને તેમણે નબળા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કાયદા મંત્રાલયને ૨૪ કલાકમાં ચીફ જસ્ટીસ અંગેનો નિર્ણય બદલવો પડે તે શું સુચવે છે ?

ગુજરાત હાઈકોર્ટના સીનીયર મોસ્ટ જસ્ટીસ કુરેશીને બદલી કરીને મુંબઈ હાઈકોર્ટમાં મોકલી આપીને ગુજરાતમાં ચીફ જસ્ટીસનો હોદ્દો આપવામાં સરકારે કરેલી ભુલને સુધારવા માટે ફરીથી નોટીફીકેશન જારી કરીને હાલ પુરતું એક્ટીંગ ચીફ જસ્ટીસના હોદ્દા પર સ્થાપિત કર્યા છે.જસ્ટીસ કુરેશીને મુંબઈમાં ૧૫ નવેમ્બર સુધીમાં ચાર્જ લેવાનો છે.જસ્ટીસ કુરેશીની બદલીનો હાઈકોર્ટે એડવોકેટ એસો. દ્વારા થઈ રહેલા વિરોધ વચ્ચે કાયદા મંત્રાલયે નવું જાહેરનામું બદલીને જસ્ટીસ કુરેશીને એકટીંગ ચીફ જસ્ટીસ બનાવવાની ફરજ પડી છે. શું મુસ્લીમ હોવાથી તેમને ચીફ જસ્ટીસ બનાવવામાં કાયદા મંત્રાલયને તકલીફ પડી છે. અને બ્રાહ્મણ હોવાથી એકટીંગ ચીફ જસ્ટીસનો હોદ્દો આપી દેવાયો હતો મુંબઈ હાઈકોર્ટમાં જસ્ટીસ કુરેશીને પાંચમાં ક્રમે મુકવામાં આવ્યા છે જે તેમની ગુજરાતની સીનીયોરીટીમાં અપેક્ષા મુજબ ચીફ જસ્ટીસ નહી બનાવાતા કરેલું અપમાન છે.આ ઘટના ક્રમ મંગે ઘાના પ્રેસિડેન્ટ યતિન ઓઝાએ જણાવ્યુ હતું કે જસ્ટીસ કુરેશીની બદલીને પડકારતી રીટ કરાશે અને તેનો વિરોધ યથાવત રહેશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

રિઝર્વ બેન્ક અને સરકાર વચ્ચેના સબંધોની ખાઈ વધારે પહોળી બની ગઈ છે.નાણાંપ્રધાન અરુણ જેટલીએ દેશની આર્થિક સ્થિતિનું ઠીકરું રિઝર્વ બેન્કના માથે ફોડીને પોતાની નબળાઈઓ છુપાવવાની કોશીશ કરી છે.તેમણે આ પહેલાં રાજનનો ભોગ લીધો છે. હવે તેઓ ઉર્જિત પટેલનો પણ ભોગ લેશે એવું દેખાઈ રહ્યું છે.આરબીઆઈ અને સરકાર વચ્ચે ઉકેલ ન આવી શકે તેવા મતભેદોનું સર્જન થયું છે.ડોલરની સામે રુપીયાએ ૭૪ની સપાટી પાર કરી દીધી એ દેશનું અર્થતંત્ર કેટલી હદે કથળ્યું તેનો પુરાવા સમાન છે. તાજેતરમાં અખબારી અહેવાલો મુજબ આરબીઆઈ એકટની ધારા ૭ અંતગર્ત મળેલા અધિકારોનો ઉપયોગ કરતાં એનબીએફસી માટે લિક્વીડીટી, નબળી બેન્કો માટે મુડીની જરુરીયાત અને લઘુ તથા મધ્યમ ઊદ્યોગોને ધિરાણ જેવા મામલા પર પત્રો લખાયા છે.સરકારે આરબીઆઈ એકટની કલમ ૭ અંતગર્ત રિઝર્વ બેન્ક સાથે ચર્ચા હાથ ધરી હતી . આ કાયદા અંતગર્ત સરકારને જાહેર હિતમાં રિઝર્વ બેન્કને આદેશ આપવાનો અધિકાર અપાયો છે.આરએસએસના અશ્વનિ મહાજને જણાવ્યુ હતું કે આરબીઆઈના ગર્વનર ઉર્જિત પટેલ સરકાર સાથે મળીને કામ કરે અથવા રાજીનામું આપી દે.રિઝર્વ બેન્કમાં ચંચુપાત કરવાનો અધિકાર આવા સંગઠનોને કોણે આપ્યો ?

નાણાં મંત્રી રિઝર્વ બેન્કની નીતિને જવાબદાર ઠેરવતાં ૨૦૦૮થી ૨૦૧૪ વચ્ચેના ગાળાને બતાવતાં રહે છે. પરંતુ ૨૦૧૪થી ૨૦૧૮ દરમિયાન જે કાંઈ સ્થિતિ ઉભી થઈ તેની જવાબદારી લેવાની તૈયારી નથી તે સમય ગાળામાં દેશની આર્થિક સમતુલા ખોરવાઈ ગઈ છે તેના માટે ખોટી દલીલબાજી બંધ કરવાની જરુર છે અને જવાબદારી સ્વીકારવાની જરુર છે.બેન્કોની એનપીએનું પ્રમાણ ૨૦૧૪થી ૨૦૧૮ના ગાળામાં વધ્યું છે.અને મોટી લોનો લેનારાઓ આ સમયગાળા દરમિયાન દેશ છોડી ભાગી ગયાછે.

ભારતમાં રિઝર્વ બેન્ક અને કેન્દ્ર સરકાર વચ્ચે મતભેદો વકરી રહ્યા છે તેની નોંધ આંતરરાષ્ટ્રીય નાંણાભંડોળે લીધી છે.આરબીઆઈને સ્વાયતતા આપવા માટે અને તેના કામકાજમાં સ્વતંત્રતા જાળવવાની તરફેણ કરી છે.આઈએમએફે કહ્યુ હતું કે આરબીઆઈ અને સરકાર વચ્ચેના ગજગ્રાહ પર સતત તેઓ નજર રાખી રહ્યા છે. વિશ્વમાં કોઈપણ દેશની સેન્ટ્રલ બેન્કની સ્વાયતતા જળવાવી જોઈએ અને તેને છીનવી લેવાનો પ્રયત્ન ના થવો જોઈએ.તેણે કોઈપણ દેશની સેન્ટ્રલ બેન્કની સ્વયત્તતા પર તરાપ મારવાના પ્રયાસોનો વિરોધ કર્યો છે.આઈએમએફના કોમ્યુનીકેશન ડિરેકટર ગેરી રાઈસે કહ્યુ હતું કે સમગ્ર ઘટના પર અમારી નજર છે અને નજર રાખતાં રહીશં. સરકારે આ મુદ્દે સૈધ્ધાંન્તિક રીતે પીછેહઠ કરવી જોઈએ.સેન્ટ્રલ બેન્કની જવાબદારી અને જવાબદેહીતા એ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય સિસ્ટમ છે. જેને અમે ટેકો આપીએ છીએ. કોઈપણ દેશની સેન્ટ્રલ બેન્કની કે નાણાંકીય નિયમનકારની કામગીરીમાં સરકાર કે ઊદ્યોગોની દખલગીરી હોવી જોઈએ નહીં.

જો કે સરકારની દખલગીરી અનેકક્ષેત્રોમાં વધી ગઈ છે અને તેમાં સંઘની વિચારધારાવાળા લોકોની સામેલગીરીએ ભારે હસ્તક્ષેપ થઈ રહ્યો હોવાના અહેવાલો સમાચાર પત્રોમાં આવ્યા છે.આરબીઆઈને સંઘના નિમાયેલા કેટલાક સભ્યો તેમની રીતે બેન્કને ચલાવવાનો આગ્રહ રાખી રહ્યા છે.જે બિલકુલ અયોગ્ય છે.જાહેર હિતના કેટલાક સાહસોમાં પણ આજ રીતે કેટલાક લોકોની નિમણુંક કરીને જાહેર સાહસોને અસ્તવ્યસ્ત કરવાની ચેષ્ઠા દેશના હિતમાં નથી.વિકાસના નામે માત્ર પ્રચાર અને પ્રસિધ્ધિ કરવાના જ બાલિશ પ્રયત્નોથી દેશના હિતને નુકશાન થઈ રહ્યું છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૯)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૯૬ | ગ્રેજ્યુએટ,ડીપ્લો.ઈન આઈએટીએ,ડીટીપી,કેનેડા | ૧૭-૧૨-૮૪ | | બેરશેબા | કુંવારા |
| ૯૭ | બીબીએ,લંડન | ૧૧-૬-૮૬ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૯૮ | ૧૦ પાસ દુબઈ | ૧૨-૫-૮૭ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૯૯ | બીઈ મીકેનીકલ, લંડન | ૨૦-૧૨-૭૮ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૦ | બેચલર ઈન હોટલ એન્ડ ટુરી.મેનેજ.કેનેડા | ૩૦-૬-૮૯ | ૯૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૧ | ડીગ્રી,કોમ્પ્યુ.એન્જી.એમબીએ(આઈટી) ન્યુયોર્ક | ૨૦-૧૨-૯૨ | ૨ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૦૨ | કોમ્પ્યુ. એન્જી.યુરોપ | ૧૩-૯-૯૨ | ૪૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૯ | બીએસસી.બીએસ(આઈટી)અમેરીકા | ૨૬-૧૧-૬૩ | ૪૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૨૦ | બીએ.પાસ | ૨૧-૬-૭૧ | - | મેથો. | છુટાછેડા |
| ૨૧ | બીએસસી,હોટલ મેનેજ.એમબીએ લંડન | ૧૧-૨-૮૮ | ૧૮૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૫૦૫ | બીકોમ.ઈલેક્ટીક એન્જી. બીબીઆઈટી. | ૧૪-૧૦-૯૧ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૬ | એમ.એસ.ડબલ્યું | ૩૧-૩-૯૧ | ૨૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૫૦૭ | જી.એન.એમ. | ૪-૧૦-૮૬ | ૧૦૦૦૦ | મેથો. | કુવારા |
| ૫૦૮ | ડો.બી.એચ.એમ.એસ. | ૧૯-૯-૮૫ | ૮૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૯ | જી.એન.એમ. | ૪-૯-૯૧ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૫૧૦ | જી.એન.એમ. | ૩૦-૪-૯૪ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૧ | એમ.બી.એ. ફાયનાન્સ | ૧-૧-૯૦ | ૩૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૨ | બીબીએ. ફાયનાન્સ.એમબીએ માર્કેટીંગ | ૮-૬-૯૦ | ૨૭૦૦૦ | સા.આર્મિ. | કુંવારા |
| ૫૧૩ | એમએસસી,એમ.ફાર્મ લંડન | ૯-૭-૮૧ | ૩૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૫ | લેબ.ટેક. | ૮-૮-૯૨ | ૨૧૫૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૫૧૪ | બીબીએ.પીજીડીએમ. ફાયનાન્સ | ૫-૨-૯૧ | ૮૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૬ | બીસીએ.એમએસસી.આઈટી | ૨૩-૧૦-૯૦ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૧૭ | ડીપ્લો.ઈન મોશન પીકચર પ્રોડકશન | ૨૬-૬-૮૭ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૧૮ | ૧૨ પાસ | ૩-૯-૮૮ | ૫૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૧૯ | એમ.એ.બી.એડ(ઇંગ્લીશ) | ૧૨-૪-૮૬ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૦ | બી.એ.(ઈકો.)મા.લાય.સાયંસ | ૧૬-૧-૮૬ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૨ | બીએ.એસ.આઈ. | ૨-૫-૮૫ | ૧૯૯૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૮ | એમએસસી. | ૨૮-૧૦-૬૮ | ૩૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૯) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૩ | કેમીકલ એન્જી.ઓસ્ટ્રેલીયા -સીડની | ૨૫-૭-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૫૪ | ૨વર્ષ નર્સીંગ ૧૨પાસ,ઈઝરાયેલ | ૯-૨-૮૬ | ૭૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૮ | બીએચએમએસ(હોમીયો.ડો.)કેનેડા | ૨૯-૧૧-૯૩ | - | આર.સી. | કુંવારી |
| ૫૬ | એમ.કોમ.એમબીએ.લંડન | ૧૭-૧૦-૮૪ | - | મેથો. | કુવારી |
| ૫૯ | ફીજીયો.ડો. ન્યુયોર્ક | ૨૧-૩-૯૩ | - | આર.સી. | કુંવારી |
| ૬૦ | બીઈ કોમ્પ્ય.એન્જી. જર્મની. | ૨૬-૯-૯૧ | ૨.૭૫લાખ | આર.સી. | કુંવારી |
| ૫૭ | માસ્ટર ફીજીયોથેરાપીસ્ટ અમેરિકા | ૧૮-૮-૮૧ | ૪ લાખ. | આર.સી. | કુંવારી |
| ૩૭ | બીઈ.એમબીએ,ફાયનાન્સ. અમેરિકા | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૫૦૮ | બીએસસી.ડીપ્લો.મેડી.લેબો.ટેક.હોસ્પી.મેનેજ. | ૨૩-૯-૭૨ | - | સીએનઆઈ | કુંવારી |
| ૫૦૯ | બીઈ કોમ્પ્યુ. એન્જી. | ૨૮-૧૦-૮૮ | ૭૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૦ | જીએનએમ.૩ ૧/૨વર્ષ | ૧૩-૮-૯૨ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૧ | બીએ.ડીપ્લો.ઈન મલ્ટીમીડીયા | ૩-૧૨-૮૮ | ૩૫૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૧૨ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૧૫-૮-૯૪ | ૨૨૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૧૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૫-૧૨-૮૦ | ૧૫૫૦૦ | મેથો. | કુંવારી |
| ૫૧૫ | ડો.ફીજીયો. પીજી ડીપ્લો.બેન્કીંગ | ૯-૧૧-૯૨ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૬ | એન્જી.(આઈટી)એમબીએ ફાયનાન્સ | ૧૯-૮-૯૧ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧૭ | બીઈ.ઈલેકટ્રીકલ એન્જી. | ૧-૧૦-૯૨ | ૫૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૨ | એમ.એ. | ૧૪-૨-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૫૪૩ | એમબીએ.એમકોમ.બીએડ.પીજીડીકોપા. | ૨૭-૫-૮૧ | ૨૩૦૦૦ | મેથો. | કુંવારી |
| ૧૯૯ | બીએ. પેથોલોજી. | ૧૬-૯-૮૧ | ૧૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૨૧ | એમ.કોમ.બી.એડ. | ૩૧-૫-૮૧ | ૬૦૦૦ | આઈ.પી. | છુટાછેડા |
| ૧૪૫ | બીએસસી કેમેસ્ટ્રી | ૮-૬-૭૮ | ૧૪૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૧ | એમએ.બીએડ. | ૨૪-૭-૮૫ | ૨૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૩ | બીપીએનએ. | ૨૭-૧૧-૮૭ | ૫૦૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર


**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે


(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# સ્વતંત્રતા જેવું બીજું કોઇ જ સુખ નથી

સ્વતંત્રતા જેવું બીજું કોઇ જ સુખ નથી.જગતના જીવ માત્રને કોઇપણ પ્રકારના બંધન ગમતા નથી. બંધન એ મૃત્યુ છે.સ્વતંત્રતા જ સુખની જનની છે. પધ્મપુરાણ(૪-૮૮-૫૦)માં કહ્યુ છે : ‘ સ્વતંત્રતા જેવું બીજુ કોઇ જ સુખ નથી.એનું કારણ છે કે સ્વતંત્ર માણસને કોઇનો ડર હોતો નથી.એને જે કાંઇ કરવુંહોય તે પોતાની રીતે કરતો હોય છે. સ્વતંત્ર માણસોને ખાસ કરીને કોઇપણ પ્રકારના હાયવલુરા હોતા નથી. ગધકર્ણામૃતમમાં કહ્યુ છે : જે સ્વતંત્ર હોય છે એ સ્વભાવથી જ નિર્ભય અને ફળ નિરપેક્ષવાળા હોય છે. જેને ફળની કોઇ જ અપેક્ષા હોતી નથી. પણ જે પરાધીન હોય છે એને અનેક દુઃ ખ હોય છે. પાલીના ઉદાન (૨-૯)માં કહ્યુ છે : જે પરાધીન છે તે બધા દુઃખ છે. અને જે સ્વાધીન છે એ બધા સુખ છે.એનો અર્થ એ થાય છે કે સ્વતંત્રતા એ સુખનો પર્યાય છે.અષ્ટવક્રગીતા(૧૮-૫૦)માં કહ્યુ છેકે : માણસ સ્વતંત્રતાથી શાંતિ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમ પદને પ્રાપ્ત કરે છે.માણસ શારીરીક અને માનસિક રીતે પરાધીન હોય તો પોતે જાતે સ્વતંત્ર કોઇ જ નિર્ણય કરી શકતો નથી. દરેકે પોતે પોતાના માલિક બનવું જોઇએ. સ્વતંત્રતા એટલે માત્ર બીજાની ગુલામીની જ વાત નથી. રુઝવેલ્ટે કહ્યુ છે : દરેક વ્યક્તિને ચાર સ્વતંત્રતા મળવી જોઇએ.વિચારોની સ્વતાંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા,અભાવોતી સ્વતંત્રતા અને ભયથી સ્વતંત્રતા. આ ચારેય પ્રકારની સ્વતંત્રતા માણસને નિર્ભય બનાવે છે.જીવન જીવવાની પ્રેરણા આપે છે.ઈશ્વરે આપણે બે હાથ આપ્યા છે.એના વડે આપ કમાઇ કરવાની છે. હાથનો ઉપયોગ કરીને સ્વાધીન રહી શકાય છે.પરાધીનતા પાપ સમાન છે. સ્વતંત્રતાની સાધના કરવી એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.પોતાના આત્મબળના આધારે આગળ વધી શકાય છે પોતે સ્વ પ્રકાશિત બનવું જોઇએ. જે પર પ્રકાશિત હોય છે એમની બીજા પર આધાર રાખવાના કારણે પરાધીન બની જાય છે.નથમલ મુનિએ શ્રમણ મહાવીરમાં કહ્યું છે કે સ્વતંત્રતાની સાધના કરનાર પોતાના આત્મબળના આધારે આગળ વધે છે. તે બીજાઓના સહારે આગળ વધવાની વાતનો વિચાર પણ કરી શકતા નથી.

સ્વતંત્ર(વિ)(સં) સ્વાધીન, કોઇના તાબામાં નહીં તેવું. એવા અર્થ થાય છે. કોઇ કાર્ય કરવાને અથવા ન કરવાને અથવા કરેલાને બીજી રીતે કરવાને અથવા ન કરવાને અથવા કરેલાને બીજી રીતે કરવાને જે સમર્થ હોય તે સ્વતંત્ર છે. જે આપમુખત્યાર, સ્વવશ,સ્વમતાનુગામી, પોતાના મત પ્રમાણે ચાલનારા, ક્યારેક સ્વચ્છંદી અમર્યાદ, અવશ મુક્ત આઝાદ વગેરે અર્થ કરી શકાય છે. જેની પોતાની સ્વતંત્ર સ્થિતિ છે.કોઇનો દબાયેલો નથી. જેને પોતાના માટેનો નિર્ણય પોતે જ લેવાનો છે. જેને બીજાના આધારે ચાલવાનું નથીતે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે. : સ્વતંત્રતા વિકાસનું પ્રથમ સોપાન છે. માણસ સ્વતંત્ર રીતે જે કાંઇ કરી શકે છે તે કોઇના દબાણ નીચે કરી શકતો નથી.મહાત્મા ગાંધીજીએ પણ કહ્યુ છે કે સ્વાધીનતા અને દાસતા એ મનની માન્યતા છે. જેનુ મન સ્વાધીન છે તે વિષ્ઠા- નરકનો ટોપલો ઉપાડતો હોવા છતાં પણ રાજા છે.આપણે આપણી જાતના જ બાદશાહ બનવાનું છે. આપણું મન જ આપણુ કહ્યુ કરતું ના હોય તો તમે સ્વતંત્ર શાના ? આપણે જ આપણા મન અને વિચારના માલિક બનવાનું છે. મારે જે કાર્ય કરવું છે એનો નિર્ણય બીજા લોકો લેતા હોય તો એનો શો અર્થ ? મારો વિચાર કે કાર્ય મારુ જ છે એવી સ્વતંત્ર ભાવના સાથે કરવામાં આવે તો જરુરથી એના ફળ મળે જ. પણ બીજાના વિચારોના આધારે જ આપણે કરવાનું હોય તો એનુ પરિણામ સારુ આવતું નથી જ. સ્વામી વિવેકાનંદે કહ્યુ છે : વિચાર અને કાર્યની સ્વતંત્રતા એ ઉન્નતિ માટેના આવશ્યક અંગ છે. જ્યો આ સ્વતંત્રતા નથી ત્યાં મનુષ્ય સમાજ અને રાષ્ટ્રની અવનીતિ અવશ્ય છે.જ્યારે તે શક્તિ બીજાને હાનિ કરતી નથી છતાં પણ જે વ્યક્તિના સ્વતંત્ર વિચાર અને કાર્યશક્તિ સામે અવરોધ કરે થે તે પણ આસુરી જ છે અને તેનો નાશ થયો જોઇએ.સ્વતંત્રતા એટલે બીજાના કાર્યો કે વિચારોનો પડછાયો પણ પડવો જોઇએ નહી. આપણે જ આપણા મનના માલિક બનવાનું છે. આપણે આપણી જાત પર કાબુ ના હોય તો વિકાસ કરી શકાય નહી.ભગવાન બુધ્ધે કહ્યુ છે.: તુ તારી જાતને જાણ. આપણે આપણી શક્તિઓનો પરિચય કરવાનો છે.પછી સ્વતંત્ર રીતે નિર્ણય કરવાનો છે.પાયથાગોરશે કહ્યુ છે : જે માણસ પોતાની જાત પર હકુમત ન ચલાવી શકે તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી.

સ્વતંત્ર કોણ હોઇ શકે ? સ્વામી વિવેકાનંદે કહ્યુ છે . કોઇની પાસે કાંઇ પણ માંગવું નહી એવો સંકલ્પ જેણે કર્યો છે તે જ મનુષ્ય ખરેખર સ્વતંત્ર છે.જે માણસ બીજા પાસેથી કંઇક મેળવવાની અપેક્ષા રાખે છે. એ સ્વતંત્ર બની શકતો નથી.માણસને લાલચ પરતંત્ર બનાવે છે. બીજા પાસેથી માંગવું ટલે પોતના સ્વત્વને ખોવું. યાચના ગુલામીની નિશાની છે. જેનું પોતાનું ખમીર છે. એને બીજા કોઇની સાડાબારી હોતી નથી.જેનામાં સ્વતંત્ર રીતે કશું કરવાની ક્ષમતા નથી. એ બીજાનો આધાર રાખે છે. જેથી એને પસ્તાવું પડે છે.જ્યાં માણસને કશીક વાસના હોય છે. ત્યાં સ્વતંત્રતા ક્યાંથી ?

ટી.એલ.વાસવાનીએ કહ્યુ છે : વાસનાની ભુમિમાં કદી પણ સ્વતંત્રતા અંકુરીત નથી નથી.સ્વતંત્રતાના જ્ઞાનના વાતાવરણમા ફુલેફાલે છે. કશીક અપેક્ષા એ જ પરાધીનતાની નિશાની છે.સ્વતંત્રતા માટે તો પ્રથમ પોતાની જાતને જીતવાની છે.જે પોતાની ઈન્દ્રીયોને જીતે છે તે જગત જીતે છે.ઈપિક્ટેટસે કહ્યુ છે : જે વ્યક્તિ ઈન્દ્રયજીત નથી તે ક્યારેય સ્વતંત્ર નથી.માણસ વ્યક્તિગત સ્વતંત્ર હોવો જોઇએ.

ડો. કિશોરસિંહ સોલંકીઃ
સાભાર સંદેશ. શબ્દસર

# અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રજાસત્તાક દિને ભારતના મહેમાન થવાનું આમંત્રણ હુકારવી દીધું



અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ્ ટ્રમ્પે ૨૦૧૯ની ગણતંત્ર દિવસની પરેડમાં ભારતના મહેમાન બનવાનું ભારત સરકારનું આમંત્રણ નકારી દીધું છે. અમેરિકી સરકારના સુત્રોના જણાવ્યા મુજબ આ અંગેનો સંદેશો ભારતના રાષ્ટ્રીય સલાહકાર અજિત ડોભાલને પત્ર લખીને પાઠવી દીધો છે.મોદી સરકારે અમેરીકી પ્રમુખને ભારતના ૭૦માં પ્રજાસત્તાક દિને યોજાનારી પરડેમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.અમેરીકી સત્તાવાળાઓએ નિમંત્રણ મળ્યાને સમર્થન આપ્યું હતું.

ભારતે અમેરિકાના પ્રતિબંધો છતાં રશિયા પાસેથી એસ-૪૦૦ મિસાઇલ સિસ્ટમ અને ઈરાન પાસેથી ક્રુડની ખરીદી કરવાનું જારી રાખતાં અમેરિકા અને ભારત વચ્ચેના સબંધોમાં તણાવ વર્તાઇ રહ્યો છે.અમેરિકાના કાત્સા કાયદા અંતગર્ત સંરક્ષણ શસ્ત્ર સરંજામ અંગેની ખરીદીમાં પ્રતિબંધ છે.અમેરિકાની ચેતવણી છતાં ભારતે તેની અવગણના કરી છે.ઈરાન પાસેથી ક્રુડ ખરીદનારા પર પ્રતિબંધ લદાશે અને તેમણે તેની તૈયારી રાખવાની જો કે ભારતે તેની અવગણના કરી છે. જો કે એવા અનેક કારણો ને લીધે અમેરિકા નારાજ છે અને પરિણામ એના કારણે નિમત્રણ હુકરાવ્યાનું હોઇ શકે એવી ધારણાઓ બાંધી શકાય પરંતુ આ અગે કોઇ અંતિમ નિર્ણય લઇ શકાય નહીં.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કેટલાક એવા નિર્ણયો લેતા અચકાતા નથી કે જે કારણે વિરોધ વંટોળ ઉભા થાય.જો કે ભારતે પોતાની ચાણક્ય નીતિ અનુસાર ૨૦૧૯ની ચુંટણીઓને લક્ષમાં રાખીને આવા કેટલાક પ્રસંગો ઉભા કરીને મતબેન્ક ઉભી કરવાનો પ્રયાસ કરશે.જો કે વિશ્વ સ્તરના નેતાઓ આવી રાજકીય કુનેહને અલગથી તારી શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**
સંપર્કઃ
**એ.એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# અમેરિકાની મેક્સીકોની સરહદ પર હજારો લોકો અમેરિકામાં ઘુસવા માટે કુચ કરીને એકઠા થયા છે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા ઘણા વખતથી શરણાર્થીઓ માટે અમેરિકાના દરવાજા બંધ કરવાના ગાણા ગાઈ રહ્યા છે.તેમાં પણ મેકસિકોમાંથી આવતા લોકો સામે તેમને વધારે વાંધો છે.અમેરિકન પ્રમુખનો શરણાર્થીઓ પ્રત્યેનો દષ્ટિકોણ બદલાયો નથી.તેમણે મેકસિકોથી લાગેલી દક્ષિણ બાજુની સીમા તરફ આગળ વધી રહેલા લોકોને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતું કે તેઓ તેમના દેશમાં પાછા જાય અને લાખો અન્ય લોકોની જેમ અમેરિકી નાગરિકતા માટે અરજી કરે.બીજી તરફ હજારો લોકોનું જુથ ટ્રમ્પનું આ સુચન કે ચેતવણીને અવગણીને મેકસિકોના રસ્તે અમેરિકામાં પ્રવેશમાં માટે આગળ કુચ કરી રહ્યું છે.તેમને માત્ર શરણ મળે તે માટે મહેનત ચાલી રહી છે. એમાં મોટાભાગના લોકો લેટિન અમેરિકી દેશો અલ-સાલ્વાડોર,હોડરુસ,ગ્વાટેમાલા અને અન્ય દેશોના છે.

આ કાફલામાં સામેલ લોકો માટે ટ્રમ્પનો સીધો સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે તેમણે કેટલાક સમય પહેલાં કહ્યુ હતું કે તે લોકોને અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરતાં રોકવા માટે મેકસિકોની દક્ષિણી સીમા પર સૈન્ય તહેનાત કરી રહ્યા છે.આ સાથે તેમણે આ સ્થિતિને રાષ્ટ્રીય કટોકટી ગણાવી હતી.

ટ્રમ્પે એક ટ્વિટમાં કહ્યુ હતું કે કાફલાના લોકોને કહેવા ઇચ્છું છું કે અમે લોકોને અમેરિકામાં ગેરકાયદેસર રહેવા માટેની અનુમતી આપી રહ્યા નથી.પાછા તમારા દેશ જાઓ અને તમે જો આવવા જ ઇચ્છતા હો તો લાખો અન્ય લોકોની જેમ નાગરિકતા માટે અરજી કરો.કેટલાક મીડીયાના અહેવાલો મુજબ શરણાર્થીઓના જુથમાં ઘણા બધા બાંગલાદેશ અને દક્ષિણ એશિયાના લોકો પણ સામેલ છે.આ વર્ષે આવું બીજી વાર થયું છે.જ્યારે શરણાર્થીઓ એક કાફલો બનાવીને કુચ કરી રહ્યા હોય.પાચ જેટલા ખ્રિસ્તી નેતાઓએ શરણાર્થીઓની તરફેણ કરી છે અને માનવતાના ધોરણે અપીલ કરી છે.

# અમેરિકાની વિદેશી વિદ્યાર્થીઓને અસર કરતી ઇમીગ્રેશન નીતિને અમેરિકી કોલેજોનો કોર્ટમાં પડકાર

સૌથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ ધરાવતી યુનીવરસીટીમાંની એક એવી અમેરિકાના ન્યુયોર્ક સ્થિત ખાનગી રિસર્ચ યુની. ધ ન્યુ સ્કુલ સહિત એક શૈક્ષણિક સંસ્થાઓના જુથે વિદેશી વિદ્યાર્થીઓને અસર કરે એવી ટ્રમ્પ પ્રશાસને હાલમાં બદલેલી નીતિની વિરુધ્ધ અદાલતમાં કેસ કર્યો છે.નવી નીતિથી વિદ્યાર્થીઓ માટે ૩ થી ૧૦ વર્ષ સુધી અમેરિકામાં પ્રવેશ પ્રતિબંધ થઈ શકે.

ટ્રમ્પ પ્રશાસને હાલમાં દાખલ કરેલી નવી નીતિ હેઠળ વિદેશી વિદ્યાર્થીઓના કોઇ પણ વાંક વિના તેમને ૩ થી ૧૦ વર્ષ સુધી અમેરિકામાં પ્રવેશતા અટકાવી શકાય છે. યુ.એસ. સીટીઝનશીપ એન્ડ ઇમીગ્રેશન સર્વીસીસ દ્વારા જાહેર થયેલા આ ફેરફાર ગઈ ૯ ઓગષ્ટથી લાગુ કરાયા છે.તેનો અર્થ એ છે કે એ દિવસથી જ વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં ગેરકાયદે હાજર ગણાય.આ વિદ્યાર્થીઓ જે દિવસે વિદ્યાર્થી તરીકેનો દરજ્જો ગુમાવે, ભલેને તેઓ અમેરિકામાં રોકાઈ શકે એ સમય મર્યાદા બાકી કેમ ન હોય.

અગાઉની નીતિનો સંદર્ભ ટાંકીને અમેરિકાની ડિસ્ટ્રીક કોર્ટમાં દાખલ કરાયેલા કેસમાં જણાવાયું છે કે તેમનો આ કેસ દાખલ કરવાનો હેતુ શો છે.

પાછલી તારીખ લાગુ કરાયેલી આ નવી નીતિથી હજારો એફ જે અને એમ વિઝા ધરાવનારાઓ ઉપર ૩ થી ૧૦ વર્ષ સુધીના પુનઃ પ્રતિબંધિત થઈ શકે છે એવું અદાલતમાં દાખલ કરાયેલા કેસમાં જણાવાયું છે. પીટીશનમાં એવું પણ જણાવાયું છે આ નવી નીતિથી અમેરિકાની શૈક્ષણિક સંસ્થાઓને લાખો ડોલરનું નુકશાન જાય એમ છે.સરકાર નમે તેમ નથી.

# ઇરાન પરના અમેરિકી પ્રતિબંધો અમલી છતાં ભારતને ક્રુડ આયાતની પરવાનગી અપાઇ

ઇરાન પાસેથી ક્રુડઓઈલ ખરીદવા સામે અમેરિકાએ પ્રતિબંધો લાદ્યા હોવા છતાં ટ્રમ્પ સરકાર દ્વારા ભારત તેમજ અન્ય સાત દેશોને ઇરાન પાસેથી ક્રુડ ઓઇલની આયાત કરવા પરવાનગી અપાઇ છે.ટ્રમ્પ સરકારના નિર્ણયથી ભારત જેવા ક્રુડ ઓઇલના મોટા આયાતકાર દેશને રાહત મળશે.ઇરાન પાસેથી ક્રુડઓઇલની ખરીદી પરના યુએસ પ્રતિબંધો ૫ નવેમ્બરથી અમલી બને છે.અમેરિકાએ ભારત,જાપાન,દ.કોરિયા સહિત ૮ દેશોને ક્રુડ આયાતની છુટ આપી છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००८९८
E.mail : drhamparikh@yahoo.co.in



**કાર ભાડે મળશે**

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# ફટાકડા ફોડવા અને વેચવા માટે સુપ્રીમે નવા ફેરફારો સુચવ્યા

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે ગ્રીન ફટાકડા સિવાયના ફટાકડા દિલ્હી-એનસીઆર વિસ્તારમાં આ દિવાળી દરમિયાન વેચી શકાશે નહીં.ગ્રીન ફટાકડાની શરત ફક્ત દિલ્હી અને એનસીઆર માટે જ છે. દેશના બીજા ભાગોમાં સામાન્ય ફટાકડા ફોડી શકાશે.અદાલતે સમયમાં ફેરફાર કરવાનો ઇન્કાર કર્યો હતો. જસ્ટીસ એ.કે.શિકરી અને અશોક ભુષણની બેન્ચે જણાવ્યુ હતું કે જે ફટાકડાનું ઉત્પાદન થઇ ગયું છે તે આ દિવાળી દરમિયાન દેશના બીજા ભાગોમાં જ વેચી શકાશે. સુપ્રીમ કોર્ટે સમયમાં ફેરફાર માટે તામિલનાડુ સરકારની અપીલ પર એક નવો આદેશ બહાર પાડ્યો છે જેમાં કોર્ટે કહ્યું હતું કે તામિલનાડુ,પાંડેચરી અને દક્ષિણના રાજ્યોમાં તહેવારો દરમિયન સવારે ૪ થી ૫ અને રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ફોડી શકાશે. તામિલનાડુંમાં દિવાળી દરમિયાન બે કલાક ફટાકડા ફોડવાનો સમય રાજ્ય સરકાર નક્કી કરી શકે છે. યાદ રહે કે તામિલનાડું સરકારે ધાર્મિક પરંપરાને ટાંકીને ફટાકડા ફોડવાની મંજુરી માંગી હતી.

# પત્રકારોના હત્યારાઓને સજા આપવામાં ભારતનું સ્થાન ૧૪માં નંબરે છે : સીપીજે રીપોર્ટ

પત્રકારોના હત્યારાઓને સજા કરાવવામાં ભારત ઘણું પાછળ છે.અમેરિકાની એક ગેરલાભકારી સંસ્થા કમિટિ ટુ પ્રોફિટ જર્નાલિસ્ટ (સીપીજે)ના એક વૈશ્વિક યાદીમાં આ જાણકારી પ્રકાશમાં આવી હતી. આ યાદીમાં જે દેશોને સામેલ કરાયા છે, જ્યાં પત્રકારોની હત્યા કરાઇ અન  કેસની તપાસ હજુ અધ્ધરતાલ રહી હોય.ભારત આ યાદીમાં ૧૪માં સ્થાન પર છે. ચિંતાની વાત એ છે કે સતત ૧૧માં વર્ષ બાદ પણ ભારતને આ યાદીમાં સામેલ કરાયું છે.

વર્ષ ૨૦૧૮ના ઇન્ડેક્સમાં ભારત સહિત ૧૪ દેશોને સામેલ કરાયા છે.જેમાં સોમાલિયા,સીરીયા,ઇરાક, દક્ષિણ સુદાન, ફીલીપીન્સ,અફઘાનિસ્તાન, મેકસિકો,કોલંબિયા,પાકિસ્તાન,બ્રાઝિલ,રશિયા,બાંગલાદેશ અને નાઇજીરીયા પણ સામેલ છે. રિપોર્ટ મુજબ ચોટના સ્થાને સોમાલિયામાં સ્થિતિમાં સુધારો થઇ રહ્યો છે.જ્યારે ૧૪માં સ્થાન પર ભારત અંગે એવું કહેવાયું છે કે ત્યાં સ્થિતિ બગડી રહી છે. અને કુલ ૧૮ કેસો હજુ સુધી વણઉકેલ્યા રહ્યા છે. બીજી તરફ પાડોશી દેશ પાકિસ્તાનમાં સ્થિતિ સુધરી રહ્યાનો દાવો પણ કરાયો છે.

તાજા અહેવાલ મુજબ ૧ સપ્ટે.૨૦૦૮થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૮ દરમિયાન પત્રકારોની હત્યાઓના આઁકડાનું વિશ્લેષણ કરી તૈયાર કરાયા છે.આ ઇન્ડેક્સમાં સોમાલીયાનું સ્થાન પહેલા નંબરે છે. જ્યારે બે દેશો અફઘાનિસ્તાન અને કોલંબિયા ફરીથી સામેલ કરાયા છે.અફઘાનિસ્તાનમાં કાબુલમાં પત્રકારોના સમુહને નિશાન બનાવાતા આત્મઘાતી હુમલો કરાયો હતો.જ્યારે કોલંબિયામાં માદક પદાર્થોના દાણચોરોએ ઇક્વાડોરના પત્રકારનું અપહરણ કરીને હત્યા કરી નાંખી હતી.સૌથી શક્તિશાળી પાસપોર્ટ સિંગાપુર અને જર્મનીનો ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેકસની નવીનતમ રેન્કીંગમાં ભારતીય પાસપોર્ટ દુનિયામાં ૬૬માં ક્રમે છે.રેન્કીંગ પાસપોર્ટના વિઝા મુક્ત સ્કોર પર આધારિત હતી. પોતાના ધારકોને ૬૬ દેશો સુધી વિઝા મુક્ત પ્રવાસની મંજુરી આપતો ભારતીય પાસપોર્ટની રેન્કીંગમાં ગયા વર્ષની સરખામણીમાં નવ પોઇન્ટ સુધર્યો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.